GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ યુગમાં સાહિત્યના પડકારો અને તેના વિકાસની તકો

(1) Dr.Tejasviben Jani
Assistant Professor
Shri I.J.Patel M.Ed. Course,Mogri
E-mail Id-tejasvi10114@gmail.com

(2) Mr.Nileshkumar Gohel
Assistant Professor
Shri I.J.Patel M.Ed. Course,Mogri
E-mail Id- nng4638@gmail.com

❖ **સારાંશ**

લેખકો અને અન્ય સર્જનાત્મક કાર્યકરો આજે ડિજિટલ ટેકનોલોજી અને મીડિયાની ક્રાંતિનો સામનો કરી રહ્યા છે.જે ધીમે ધીમે બદલાઈ રહ્યા છે અને તેમના કાર્યને બનાવવાની, પ્રસારિત કરવાની અને સાચવવાની રીતને પડકાર આપે છે. આ પેપરનો હેતુ નવા ડિજીટલ મીડિયામાં ઉભરતા ડિજિટલ સાહિત્યના ક્ષેત્ર, સાહિત્યમાં મીડિયા પરિવર્તનની પ્રકૃતિ અને આધુનિક સમય પર તેમની અસર તપાસવાનો છે. ટેકનોલોજીની પ્રગતિ અને મીડિયા પ્લેટફોર્મની ભરમાર સાથે, સાહિત્યે એક નવું સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, આજે આપણી પાસે ભૂતકાળમાં ક્યારેય ન હોય તેવા લેખકો અને વાચકો વધુ છે. સાહિત્યમાં બદલાતા વલણોએ એક નવા યુગની શરૂઆત કરી છે. જેને લોકો દ્વારા હૃદયપૂર્વક આવકારવામાં આવ્યો છે. તે ફક્ત વિવિધ નવા મીડિયા પ્લેટફોર્મ અને સાહિત્ય અભ્યાસમાં તેજી લાવવામાં તેમની ભૂમિકાને સંબોધશે નહીં, પરંતુ ઈલેક્ટ્રોનિક/ડિજિટલ સાહિત્ય પર દ્રષ્ટિકોણ મેળવવાનો પ્રયાસ કરીને સાહિત્યમાં આ ક્ષણને સ્વીકારવાનું મહત્વ પણ સમજાવશે.

❖ **ચાવીરૂપ શબ્દો :** *ડિજીટલ સાહિત્ય, શિક્ષણ*

❖ **પ્રસ્તાવના**

સાહિત્ય માનવ સમાજનું પ્રતિબિંબ છે. એ માનવજીવનના આનંદ–દુઃખ, ભાવનાઓ, કલ્પનાઓ અને અનુભવોને શબ્દોમાં વ્યક્ત કરે છે. પ્રાચીન કાળમાં સાહિત્ય પૌરાણિક કથાઓ, લોકગીતો અને હસ્તલિખિત પોથીઓમાં સંગ્રહિત હતું. ત્યારબાદ છાપાખાનાની શોધે સાહિત્યને પુસ્તકો, સામયિકો અને સમાચારપત્રો દ્વારા વ્યાપક બનાવ્યું. હવે 21મી સદીના ડિજિટલ યુગે સાહિત્યને નવી દિશા આપી છે. આજે સાહિત્ય માત્ર કાગળ સુધી મર્યાદિત નથી, પરંતુ મોબાઇલ, ટેબ્લેટ અને કમ્પ્યુટર સ્ક્રીન પર પણ જીવંત બની ગયું છે. ડિજિટલ માધ્યમો દ્વારા ઈ–બુક્સ, બ્લોગ્સ, ઑડિયોબુક્સ, પોડકાસ્ટ, ઑનલાઇન સામયિકો અને

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સોશિયલ મીડિયા પરના સાહિત્યિક પોસ્ટ વાચકો સુધી પહોંચી રહ્યા છે. આ પરિવર્તને અનેક અવસરો ઉભા કર્યા છે, પરંતુ સાથે સાથે અનેક પડકારો પણ ઉભા થયા છે. એકવીસમી સદીનો નવીનસ્વરૂપ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સાહિત્યનો અભ્યાસ છે. આ સાહિત્ય વિચારોના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા, ઓડિયો અને ગ્રાફિક્સ સહિત ઈ–પુસ્તકો, બ્લોગ્સ, વેબપેજ દ્વારા સાહિત્યિક કૃતિઓની સરળ રીતે વધારવા માટે બનાવવામાં આવ્યું છે. ઈ–બુક ફોર્મેટમાં રૂપાંતરિત પુસ્તકો ઉપરાંત, ડિજિટલ સાહિત્ય ક્ષેત્રોમાં અન્ય નવી સર્જનાત્મક વિભાવનાઓ ઉભરી આવે છે.જેમ કે હાઇપરટેક્સ્ટ ફિક્શન, ઇન્ટરેક્ટિવ ફિક્શન અને સાહિત્યિક કથાત્મક અભિગમો સાથે વિડીયોગેમ્સ. તાજેતરના સમયમાં મીડિયા સ્વરૂપમાં લોકપ્રિયતા અને વિશાળ શૈલીઓ વિશિષ્ટ બની છે. સમય જતાં, ડિજિટલ ટેકનોલોજીના શોધ અને વિકાસે વિકસિત થયેલી કોઈપણ શોધ કરતાં એક મોટું પ્લેટફોર્મ મેળવ્યું છે. સમાજ અથવા સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી વખતે ટેકનોલોજીની સાર્વત્રિક પ્રાધાન્યતા એ છે કે, તે સામાન્ય રીતે ઝડપી અને સરળ રીતે મેળવી શકાય છે.

Rajathi & kalamani (2020), જણાવે છે કે કલાની પ્રાચીનતા ગુફાચિત્રો અને શાસ્ત્રીય લખાણોથી શરૂઆત થઈ હતી. જે સમય જતા પ્રિન્ટિંગ ની શોધ થવાથી અટક સ્વરૂપે મળી આવ્યા. લેખકોએ કવિતા નવલકથાઓ નાટકો ચિત્રો દ્વારા સમાજના જીવનને જીવંત કર્યું. 1800 ના દાયકા પછી સાહિત્યની માંગ વધી 1990 ના દાયકામાં ડિજિટલ સાહિત્યની શરૂઆત થઈ ઇન્ટરનેટના આવવાથી સાહિત્ય ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ થવા લાગ્યું.

શિક્ષણમાં ડિજિટલ સાહિત્યનો વિકાસ ઇન્ટરનેટની શોધ થી શરૂ થયો. ડિજિટલ સાહિત્યનો વિકાસ સમયના ત્રણ તબક્કામાં વહેંચી શકાય છે.

- 1990–ઇન્ટરનેટ અને ઓનલાઇન શિક્ષણનો વિકાસ
- 20મી સદીમાં–ટેકનોલોજી નો વિકાસ
- 2000 ના – દાયકામાં ઓનલાઇન શિક્ષણનો વિસ્તાર

તેમજ,

- ફોનોગ્રાફ(1877)ની શોધ થી ઓડિયો સ્વરૂપે અવાજ શબ્દોને સંગ્રહિત કરવાની શરૂઆત થઈ
- ઓડિયો બુકસ(1930) કેસેટ વાર્તાઓને રેકોર્ડ કરવી અને સાંભળવી જે રેકોર્ડિંગ પછીથી કેસેટ્સ અને ગીતના સંગ્રહ સ્વરૂપે ઉપલબ્ધ થઈ
- હાયપર ટેક્સ અને ઈન્ટર એક્ટિવ સ્વરૂપ– 1975ની સાલમાં શરૂઆતમાં લખાણ આધારિત રમત સ્ટોરી ટેલિંગ ની શરૂઆત થઈ

❖ ડિજિટલ સાહિત્ય એટલે શું?

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ડિજિટલ સાહિત્ય એટલે....**

- E Literature ઈલેક્ટ્રોનિક સાહિત્ય
- કમ્પ્યુટર અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ક્ષમતાઓનો ઉપયોગ કરી ડિજિટલ સાહિત્ય બનાવવામાં આવે છે.
- ડિજિટલ સાહિત્યને ડિજિટલ માધ્યમ દ્વારા રજૂ કરવામાં આવે છે.
- ડિજિટલ સાહિત્યનું વાંચન લેખન કરવા કમ્પ્યુટર મોબાઈલ કે ટેબલેટ દ્વારા ઓનલાઈન ઓફલાઈન કરી શકાય છે.

ડિજિટલ યુગમાં માનવ જીવનના દરેક ક્ષેત્રમાં ટેક્નોલોજીનો પ્રવેશ થયો છે. આજના સમયમાં જ્ઞાન, માહિતી અને મનોરંજનના મુખ્ય સ્ત્રોતોમાં સોશિયલ મીડિયા એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ફેસબુક, ટ્વિટર (X), ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ, બ્લોગ્સ અને વોટ્સએપ જેવા માધ્યમો માનવ સંવાદને સરળ બનાવે છે, સાથે જ સાહિત્યિક અભિવ્યક્તિના નવા દ્વાર પણ ખોલે છે. સોશિયલ મીડિયા પર રચાતા અને વહેંચાતા કાવ્યો, વાર્તાઓ, નિબંધો, સમીક્ષાઓ અને દાર્શનિક વિચારપ્રવાહો આજે "ડિજિટલ સાહિત્ય" તરીકે ઓળખાય છે.

- N.katherine (2008), ના મતે, "Electronic literature New horizon for the literary"
- Electronic literature as a digital Bond and mant to be read on a computer
- Digital literature is a genre of literature in encompassing work created executively on and for Digital device such as computer tablet and mobile phones
- Digital literature refers to wide range of literary works the utilize the processing capabilities of computer to go beyond simple distribution method
- Radhika (2023) ના મતે, digital literature exploring literary value in the age of interactivity
- Digital or electronic literature refers to works of fiction or poetry specification for Digital media often integrating interactive elements multimedia image sound animations and nonlinear narratives.

❖ શિક્ષણમાં ડિજિટલ સાહિત્યની મુખ્ય લાક્ષણિકતાઓ–:

1. સહભાગીતામાં વધારો (Enhanced engagement)
2. ડિજિટલ સાહિત્યનો વિકાસ (Development of digital literary)
3. સુગમતા અને લવચિકતા (Accessibility and flexibility)
4. સર્જનાત્મક વિચારસરણી (Creative expression)
5. સહકારી અધ્યયન (Collaborative learning)

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

1. સહભાગીતામાં વધારો (Enhanced engagement)

પરંપરાગત વર્ગમાં મુશ્કેલીનો સામનો કરતા વિદ્યાર્થીની સહભાગીતા ડિજિટલ સાહિત્યથી વધારી શકાય છે. ડિજિટલ સાહિત્ય દ્વારા વિદ્યાર્થીમાં સર્જનાત્મકતાનો વિકાસ કરી શકાય છે. શિક્ષણમાં સહભાગીતા અને પ્રેરણામાં વધારો થાય છે અને સાહિત્યના શિક્ષણમાં નવી તકોનો ઉદ્ભવ થાય છે. ડિજિટલ સાહિત્યમાં એનિમેશન, ઓડિયો, વીડિયો,હાઈપર લીંક્સ જેવી મલ્ટીમીડિયા ના સમન્વયથી વિદ્યાર્થીઓની વાંચન પ્રક્રિયાને સક્રિય બનાવે છે.શીખનારાઓનું ધ્યાન બની રહે છે. સમગ્ર વર્ગ દરમિયાન કંટાળો અનુભવતા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીતામાં વધારો થાય છે.

2. ડિજિટલ સાહિત્યનો વિકાસ (Development of digital literary)

ડિજિટલ સાહિત્ય વિદ્યાર્થીઓની સહભાગીદારી તામા તો વધારો કરે જ છે સાથે વિદ્યાર્થીઓની ડિજિટલ સાહિત્ય પ્રત્યે વધુ જિજ્ઞાસુ બનાવે છે. 21મી સદીમાં જરૂરી શિક્ષણ અને માહિતી પ્રત્યાયનના ડિજિટલ કૌશલ્યનો પણ નિર્માણ કરે છે.

- મૌખિક પરંપરાથી લખાણ પરંપરા

માનવ સંસ્કૃતિના પ્રારંભિક સમયમાં લેખનકલા અસ્તિત્વમાં નહોતી. ત્યારે જ્ઞાન, અનુભવ, વાર્તાઓ અને ધાર્મિક મંત્રો લોકો મૌખિક રીતે એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડતા. ભારતીય સંદર્ભમાં: વેદો, ઉપનિષદો, પુરાણો, લોકગીતો, લોકવાર્તાઓ સૌ પ્રથમ મૌખિક રીતે જ પ્રચલિત રહ્યા. વિશ્વ કક્ષાએ હોમરના ઈલિયડ અને ઓડિસી જેવા મહાકાવ્યો પણ શરૂઆતમાં મૌખિક ગાયક દ્વારા ગવાતા હતા. મૌખિક પરંપરા દ્વારા જ્ઞાનનો સમાજિક સંવર્ધન થતો અને લોકોમાં સંસ્કૃતિનું પ્રસારણ થતું.

➢ મૌખિક સાહિત્યની વિશેષતાઓ

1. સ્મૃતિ આધારિત – પેઢી દર પેઢી યાદ કરીને પાઠ કરાવાતું.
2. સંગીતાત્મકતા – ગાવાની કે પઠનની પરંપરા હોવાથી તેમાં છંદ અને લયનો સમાવેશ થતો.
3. લોકસાંસ્કૃતિક મૂલ્યો – લોકગીતો, કહેવતો, ગાથાઓથી લોકોની પરંપરા અને રિવાજો જીવંત રહ્યા.
4. પરિવર્તનશીલ સ્વરૂપ – મૌખિક સાહિત્ય એક સ્થાનથી બીજા સ્થાને જતાં થોડું બદલાતું.
5. સહભાગી અભિવ્યક્તિ – શ્રોતાઓ પણ વાર્તા કે ગીતમાં પોતાની રીતે ઉમેરા કરતા.

- મુદ્રિત (છપાયેલું) સાહિત્યનો યુગ (૧૫મી સદીથી)

માનવ ઈતિહાસમાં જ્ઞાનના પ્રસાર માટે અનેક સાધનો બન્યા. મૌખિક પરંપરા પછી લખાણ પરંપરાએ જ્ઞાનને સ્થિરતા આપી. પરંતુ સાહિત્ય અને જ્ઞાનનો સાચો વિસ્ફોટ ત્યારે થયો જ્યારે ૧૫મી સદીમાં જોહાન ગ્યુટનબર્ગ (Johannes Gutenberg)એ જર્મનીમાં છાપખાનાની શોધ કરી. છાપખાનાની શોધ માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં એક વિશ્વક્રાંતિ સમાન છે. ત્યારથી પુસ્તકો, સામયિકો અને અખબારો દ્વારા સાહિત્ય

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

વ્યાપક પ્રમાણમાં લોકો સુધી પહોંચ્યું. વાચકોનો વર્ગ ઝડપથી વધ્યો અને સાહિત્યકારો માટે પોતાનું સર્જન જનસામાન્ય સુધી પહોંચાડવું સરળ બન્યું. આ તબક્કામાં સાહિત્ય લખાણમાંથી લોકપ્રિય માધ્યમમાં રૂપાંતરિત થયું.

- સાહિત્યનો વ્યાપક પ્રસાર

અગાઉ પાંડુલિપિઓ હાથથી નકલ થતી, જેના કારણે તે મોંઘી અને દુર્લભ હતી. છાપખાનાથી પુસ્તકો મોટી સંખ્યામાં સરળતાથી ઉપલબ્ધ થયા. સામાન્ય લોકો સુધી સાહિત્ય પહોચી શક્યું.

- જ્ઞાનનું લોકતંત્રિકરણ

સાહિત્ય, ધાર્મિક ગ્રંથો, વિજ્ઞાન, ફિલસૂફી અને ઈતિહાસના પુસ્તકો વધુ લોકોને મળવા લાગ્યા. સાક્ષરતા (literacy) દર વધવા માંડ્યો. જ્ઞાન થોડા લોકોના હાથમાં સીમિત ન રહ્યું.

- નવી સાહિત્યિક શૈલીઓનો વિકાસ

નવલકથા, સામાચિકો, અખબારો જેવા નવા સ્વરૂપો વિકસ્યા. સાહિત્યકારો માટે પોતાના વિચારો ઝડપથી ફેલાવવાનો માર્ગ સરળ બન્યો.

- ડિજિટલ યુગ – પ્રારંભિક તબક્કો (1990–2000)

20મી સદીના અંતિમ ભાગથી કમ્પ્યુટર અને ઈન્ટરનેટના આવિષ્કાર પછી માનવજાતિ ડિજિટલ યુગમાં પ્રવેશી. આ યુગમાં માનવીનું જીવન, સંવાદ, શિક્ષણ, વેપાર તેમજ સાહિત્ય—બધું જ ડિજિટલ ટેક્નોલોજી પર આધારિત બન્યું. ખાસ કરીને 1990 પછી ઈન્ટરનેટ સામાન્ય જનજીવનમાં પ્રવેશતાં સાહિત્યના નવા સ્વરૂપો વિકસવા લાગ્યા, જેને આજે ડિજિટલ સાહિત્ય કહેવાય છે. આ તબક્કામાં સાહિત્ય ઈ–ડોક્યુમેન્ટ સ્વરૂપે ડિજિટલ બનવા લાગ્યું.

- ડિજિટલ સાહિત્યના મુખ્ય સ્વરૂપો

1. ઈ–બુક્સ (E-books) – કમ્પ્યુટર, ટેબ્લેટ અથવા મોબાઈલમાં વાંચી શકાય તેવી પુસ્તકો.
2. બ્લોગ્સ અને – બ્લોગસ્પોટ, વર્ડપ્રેસ, મિડિયમ જેવા પ્લેટફોર્મ પર લેખન.
3. ઓનલાઇન મેગેઝિન્સ – સાહિત્યિક સામયિકોના ડિજિટલ સ્વરૂપો.
4. સોશિયલ મીડિયા સાહિત્ય – ફેસબુક પોસ્ટ્સ, ઈન્સ્ટાગ્રામ કોટ્સ, ટ્વિટર માઇક્રો–પોએટ્રી.
5. ઓડિયો અને વિડિયો સાહિત્ય – પોડકાસ્ટ્સ, યુટ્યુબ કાવ્યવાંચન, ડિજિટલ નાટકો.

- બ્લોગ યુગ (2000–2010)

ઈન્ટરનેટની સુલભતા સાથે 2000 પછી એક નવો તબક્કો શરૂ થયો – જેને બ્લોગ યુગ કહેવામાં આવે છે. “બ્લોગ” (Web + Log) એટલે કે વ્યક્તિગત વેબ–ડાયરી. લેખક પોતાનું લખાણ સીધું ઈન્ટરનેટ પર પ્રકાશિત કરી શકે અને વાચકોને તરત જ પહોંચાડી શકે. આ યુગે સાહિત્યને લોકતંત્રિક સ્વરૂપ આપ્યું, જ્યાં પ્રકાશક કે સંપાદકની જરૂરિયાત ઘટી ગઈ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- ➢ બ્લોગ યુગની મુખ્ય વિશેષતાઓ
  - વ્યક્તિગત અભિવ્યક્તિનું માધ્યમ
  - પહેલા લેખકને સામયિકો કે અખબારોમાં જગ્યા મેળવવા માટે સંઘર્ષ કરવો પડતો. હવે કોઈપણ લેખક પોતાના વિચારો, કાવ્યો, વાર્તાઓ, પ્રવાસવર્ણન વગેરે તુરંત બ્લોગ પર મૂકી શકે.
  - વૈશ્વિક વાચકવર્ગ
  - ઈન્ટરનેટથી બ્લોગ વિશ્વભરના વાચકો સુધી પહોંચી ગયો. ભાષા, દેશ કે પ્રકાશકની મર્યાદા તૂટી ગઈ
  - ચર્ચા –ઈન્ટરએક્ટિવ સાહિત્ય
  - વાચકો કોમેન્ટ દ્વારા તરત જ પ્રતિસાદ આપતા. લેખક–વાચક વચ્ચે સંવાદ વધ્યો.
  - મફત(ફ્રી) પ્રકાશન
  - બ્લોગસ્પોટ (Google), વર્ડપ્રેસ, માઈસ્પેસ જેવી સાઇટ્સે મફતમાં જગ્યા આપી. આથી યુવા પેઢી મોટી સંખ્યામાં લેખન તરફ આકર્ષાઈ.
- સોશિયલ મીડિયા ક્રાંતિ (2010–2015)

ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ જેવા પ્લેટફોર્મ આવ્યા. કવિતા, વિચારો, ગઝલો અને વાર્તાઓ પોસ્ટ થવા લાગી. વાચકો તરત જ "લાઈક, કોમેન્ટ, શેર" દ્વારા પ્રતિભાવ આપતા, જે લેખકો માટે અનોખો અનુભવ હતો. આ તબક્કામાં સાહિત્યે જલ્દીથી લોકપ્રિય થવાની ગતિ મેળવી.

- મલ્ટીમીડિયા યુગ (2015 પછી)

ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ, પોડકાસ્ટ, સ્પોટિફાઈ જેવા પ્લેટફોર્મ આવ્યા. હવે સાહિત્ય ફક્ત લખાણ પૂરતું ન રહ્યું – તે ( દ્રશ્ય શ્રાવ્ય) ઓડિયો, વિઝ્યુઅલ, વીડિયો સ્વરૂપે રજૂ થવા લાગ્યું. "ડિજિટલ કાવ્યવાંચન", "વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ", "ઓનલાઈન નાટ્યપ્રસ્તુતિ" જેવી નવી શૈલીઓ વિકસવા લાગી. આ તબક્કો સાહિત્યને બહુમાધ્યમી (multi-modal) બનાવે છે.

- AI ( કૃત્રિમ બુદ્ધિમત્તા)અને ડિજિટલ સાહિત્ય (2020 પછી)

કૃત્રિમ બુદ્ધિ (AI) આધારિત સાધનો – જેમ કે ChatGPT, Jasper, Claude – લેખકોને નવા વિચારો, કથાવસ્તુ અને કાવ્યરચનામાં સહાય કરે છે.સાહિત્ય હવે માનવી અને મશીન બંનેની સહભાગીતાથી સર્જાવા લાગ્યું છે. ઈ–લાઈબ્રેરીઝ, ઓડિયો બુક્સ, ડિજિટલ આર્કાઈવ્સ શિક્ષણ માટે અગત્યના બન્યા.
આ તબક્કો સાહિત્યને ટેક્નોલોજી સાથે સંકલિત કરતો ભવિષ્યમુખી તબક્કો છે.

3. સુગમતા અને લવચિકતા (Accessibility and flexibility)

લેખિત સ્વરૂપના સાહિત્યને સમજવામાં કે શીખવામાં વિદ્યાર્થીઓને સમસ્યા થતી હોય છે જ્યારે ડિજિટલ સાહિત્ય શિક્ષણ દ્વારા શીખનારાઓની જરૂરિયાતો અને ક્ષમતાઓને અનુરૂપ શુકમતા અને લૌચિકતા મળી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

રહે છે ડિજિટલ સાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી અને સંજોગોને અનુરૂપ અનુકૂલિત કરી સાહિત્યનો શિક્ષણ આપી શકાય છે. ડિજિટલ સાહિત્યમાં વિદ્યાર્થીઓની વિવિધ ક્ષમતાઓ અને શીખવાની શૈલીઓનો અર્થપૂર્ણ રીતે સમન્વય કરવામાં સરળતા રહે છે.

4. સર્જનાત્મક વિચારસરણી (Creative expression)

ડિજિટલ સાહિત્યથી વિદ્યાર્થીઓ ફક્ત વાંચન કરવા સુધી સીમિત રહેતા નથી. નિષ્ક્રિય શીખનારો સક્રિય થઈ ડિજિટલ સાહિત્યનું નિર્માણ કરે છે. ડિજિટલ સંસાધનોનો ઉપયોગ કરી પોતાની કુશળતા અને સર્જનાત્મકતા અભિવ્યક્ત કરે છે અને વધુ પ્રોત્સાહિત બને છે.

5. સહકારી અધ્યયન collaborative learning

ડિજિટલ માધ્યમો દ્વારા ડિજિટલ સાહિત્યનું સર્જન કરવું અન્યોની સાથે ચર્ચા કરવી વગેરે વિદ્યાર્થીઓ ભેગા મળીને કાર્ય કરે છે. અન્ય વિદ્યાર્થીની સાથે સાહિત્ય પર પોતાના વિચારોનું આદાન–પ્રદાન કરે છે. જ્યારે પરંપરાગત રીતે છપાયેલા સાહિત્યમાં માત્ર પોતે એકલો જ વાંચન કરે છે. ડિજિટલ સાહિત્યથી સહયોગપૂર્ણ અધ્યયન થાય છે સામાજિક કુશળતા બનાવે છે સમૂહમાં શીખવાની ભાવનાને પ્રોત્સાહન મળે છે.

❖ નિષ્કર્ષ

પરંપરા કે શિક્ષણ પદ્ધતિમાં સાહિત્યને ભણાવવું અને વિદ્યાર્થીઓ માટે શીખવવું શિક્ષક દ્વારા સહેલું છે પણ ડિજિટલ સાહિત્યથી શિક્ષણ કાર્ય કરાવવું અને તેનો સ્વીકાર કરવો ઘણો જ પડકારરૂપ છે. ડિજિટલ સાહિત્યના ઉપયોગથી દેશ–વિદેશના સાહિત્યને સરળતાથી મેળવી શકાશે. શિક્ષક અને વિદ્યાર્થીઓનો સાહિત્ય પ્રત્યેનો રસ વધુ કેળવાશે. ઇન્ટરનેટ દ્વારા સંસ્કૃતિ અને સમાજની સાથે સંકળાયેલા સાહિત્યનો ફેલાવો થશે. ડિજિટલ સાહિત્યને શિક્ષણમાં સમાવવા માટે તકનીક કે સુવિધાઓના સંસાધનોની વ્યવસ્થા ઉભી કરવી પડશે.

❖ સંદર્ભ

1. afar, Q., Gohar, S. G. A., Jawad, M., & Soomro, M. (2023). The implications of digital culture for contemporary literature: Navigating new narratives, forms, and reader engagement in the digital age. *Review of Education, Administration & Law, 7(4)*. Hossain, M. S. (2025). Digital narratives and reader engagement: Transforming literary forms in the digital era. *Asian Journal of Education and Social Studies, 51(4)*, 97–108.
2. Arief, N. F., Lestari, O. W., Tabrani, A., & Jazeri, M. (2022). The role of cyber literature in learning Indonesian language and literature in the digital era. *EDUTEC : Journal of Education And Technology, 6(2)*, 480–488.
3. Taufiq, A. (2021). Narrative influence in the digital age: How digital literature shapes consumer behavior. *Journal of Society Innovation and Development, 2(2)*, 131–141.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025


4. Bolter, J. D. (2001). Writing Space: Computers, Hypertext, and the Remediation of Print. Routledge.
5. Hayles, N. K. (2007). Electronic Literature: New Horizons for the Literary. University of Notre Dame Press.
6. Lanham, R. A. (1993). The Electronic Word: Democracy, Technology, and the Arts. University of Chicago Press.
7. Manovich, L. (2001). The Language of New Media. MIT Press.
8. McGann, J. (2001). Radiant Textuality: Literature after the World Wide Web. Palgrave Macmillan.
9. Iskarna, T. (2023). Alternative models of electronic literary criticism: Intermedial and ergodic. *Journal of Language and Literature, 23(1).*
10. Setiawan, J. W., & Saputra, I. (2025). The evolution of digital literature: Exploring online narratives and interactive storytelling. *The Global Language & Literature Review, 1(1).*
11. દેસાઈ, કુમારપાલ. (2010). ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ. અમદાવાદ: સંસ્કાર પ્રકાશન.
12. ત્રિવેદી, રઘુવીરચરણ. (2008). ગુજરાતી ભાષા અને સાહિત્ય. રાજકોટ: સાહિત્ય અકાદમી.પટેલ, ઈન્દ્રકુમાર. (2015). આધુનિક ગુજરાતી સાહિત્ય: પ્રવૃત્તિ અને પરિપ્રેક્ષ્ય. અમદાવાદ: સાહિત્ય સંગમ.